
શ્રીમદ્ રાજચંદ્ર વિરચિત

# આત્મસિદ્ધિ શાસ્ત્ર



મૂળ ગુજરાતી

૧૪૨ દેશોની ૪૧૫ ભાષાઓમાં અનુવાદ



## રચનાકાર પરમ કૃપાળુ દેવ

# શ્રીમદ રાજચંદ્ર

પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્ર આત્માનુભવી સત્પુરુષ, આધ્યાત્મિક વિદ્વાન તથા મહાન કવિ હતા. તેમનું બાળપણનું નામ રાયચંદભાઈ રવજીભાઈ મહેતા હતું. તેઓ શુદ્ધાત્માના ઉપદેશક તથા ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક તરીકે ઓળખાય છે. તેમનો જન્મ કારતક સુદ પૂનમ, વિ.સં. ૧૯૨૪, ૯ નવેમ્બર, ૧૮૬૭ રવિવારના શુભદિને વવાણિયા બંદર (ગુજરાત-ભારત) માં થયો હતો.

તેઓએ ૧૦ વર્ષની વયે જ લોકસમુદાયમાં ઉપદેશ આપવાનું અને ૧૧ વર્ષની વયે લેખ લખવાનું પ્રારંભ કર્યું હતું. એટલું જ નહીં, મુંબઈમાં ૨૦ વર્ષની વયે શતાવધાન (એક સમયમાં ૧૦૦ અલગ-અલગ વિષયોને યાદ રાખવાનું અદ્‌ભૂત સ્મૃતિ પરીક્ષણ) ના પ્રયોગો પણ પ્રસ્તુત કર્યા હતા. ૨૦ વર્ષની વયે જનકબાઈ સાથે તેમના લગ્ન થયા, ત્યાર બાદ તેઓ મોતી અને હીરાના વેપાર જોડાયા.

તદુપરાંત, પોતાના આખા જીવનમાં તેમણે આત્મસિદ્ધિ શાસ્ત્ર અને અપૂર્વ અવસર કાવ્ય સહિત લગભગ ૮૦૦ પત્રો લખીને આધ્યાત્મિક યાત્રા કરી. સાત વર્ષની વયે તેમને વિગત થોડા ભવોનું જાતિસ્મરણ જ્ઞાન થયું હતું, જેનો ઉલ્લેખ તેમણે પોતાના પત્રોમાં કર્યો છે. ૧૮૯૦ માં લખાયેલ પત્રોમાં તેમણે પોતાને પ્રગટ થનાર આત્માનુભૂતિનો પણ ઉલ્લેખ કર્યો છે.

કવિની સફળતાનું તથ્ય એ છે કે તેમણે અધ્યાત્મ જગતમાં અનેક લોકોમાં ઉત્સાહ જગાડ્યો હતો. પાઠક આધ્યાત્મિકતા તરફ ગતિ કરે, એ હેતુથી તેમણે આધ્યાત્મિકતા સંબંધી યથાયોગ્ય સ્પષ્ટીકરણ કર્યુ હતું.

૩૨ વર્ષની વયે તેમને એવી બીમારી લાગી ગઈ કે જેનાથી તેઓ સ્વસ્થ ન થઈ શક્યા. ચૈત્ર વદ પાંચમ, વિ.સં. ૧૯૫૭, ૯ એપ્રિલ, ૧૯૦૧ ના દિને ૩૩ વર્ષની વયે તેમણે રાજકોટ (ગુજરાત) માં પાર્થિવ દેહત્યાગ કર્યો. તેમના જીવનકાળ દરમિયાન તેઓ અનેકાનેક લોકો માટે આત્માનુભવી ગુરુ રહ્યા.

ૐ

આત્મસિદ્ધિ

પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્ર વિરચિત



# આત્મસિદ્ધિ શાસ્ત્ર

[મૂળ ગુજરાતી]

સંક્ષિપ્ત ટીકા : ફૂલચંદ

પ્રકાશક : શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર મિશન
આધ્યાત્મિક સાધના કેન્દ્ર-ઉમરાળા

**પ્રથમ આવૃત્તિ : 15 ઓગષ્ટ 2015**

**પ્રાપ્તિ સ્થાન :**

**આધ્યાત્મિક સાધના કેન્દ્ર-પ્રધાન કેન્દ્ર**
પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી પ્રવચન હૉલ,
ચોગઠ રોડ, ઉમરાળા - 364 330. જિ. ભાવનગર (ગુજરાત)
કિશોરભાઈ જૈન : +91-2843-235202/03
ધર્મેન્દ્રભાઈ જૈન : +91-9898245201
Website : www.fulchandshastri.com
E-mail : ask@fulchandshastri.com

**આધ્યાત્મિક સાધના કેન્દ્ર-મુંબઈ કેન્દ્ર**
ધ વ્હાઈટ ગોલ્ડ, 72/74 કંસારા ચાલ,
પાયધુની પાસે, મુંબઈ - 400 002.
ધનરાજભાઈ હુંડિયા : +91-9460058839
માંગીલાલભાઈ ચંદન : +91-9223278899

**આધ્યાત્મિક સાધના કેન્દ્ર-અમદાવાદ કેન્દ્ર**
નં.10 સંતકૃપા સોસાયટી, પવન સોસાયટી પાસે,
બળદેવનગર સામે, 132 ફીટ રિંગ રોડ,
જીવરાજ પાર્ક, અમદાવાદ - 51.
કોકીલાબેન ગીરીશભાઈ રત્નોત્તર : +91-9913072548

**મુદ્રક : મલ્ટી ગ્રાફિક્સ, મુંબઈ**
ફોન : +91-22-23884222 / +91-9987999299
Website : www.multygraphics.com
www.shrutgyan.com



ચૈતન્ય સ્વરૂપી નિજ શુદ્ધાત્માના આશ્રયે

## નિર્વિકલ્પ આત્માનુભૂતિ પામેલ
## સમસ્ત સમ્યગ્દ્રષ્ટી
## જ્ઞાની ધર્માત્માઓને

સવિનય સમર્પિત

# પ્રસ્તાવના

ચૈતન્ય સ્વરૂપી નિજ શુદ્ધાત્માના આશ્રયે નિર્વિકલ્પ આત્માનુભવ પામેલ મહાપુરુષ પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા વિરચિત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર એક મહાન પરમાગમ છે અને સમસ્ત તીર્થંકર પરમાત્માઓની દિવ્યધ્વનિનો સાર છે. જગતમાં થયેલ પરમ પવિત્ર આધ્યાત્મિક સત્પુરુષોમાં શ્રીમદ્ રાજચંદ્રજી પ્રમુખ છે. તેમની અંતરંગ દશા એવી નિર્મળ હતી કે તેઓ ભૌતિક સમૃદ્ધિ, ધન, પદ, પ્રતિષ્ઠા, અહીં સુધી કે પોતાના શરીર પ્રત્યે પણ મોહમુક્ત થઈને અલિપ્ત રહતા હતા.

ભારત દેશની વર્તમાન મોટાભાગની મુદ્રાઓ ઉપર ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું ચિત્ર હોય છે. તેઓ આખા વિશ્વમાં અહિંસાના દૂત રૂપે આદર સાથે ઓળખાય છે. આવા મહાત્મા ગાંધીજી પણ શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા પ્રાપ્ત શિક્ષણ પ્રત્યે અત્યધિક ઋણી હતા. નવા ભારતના નિર્માણમાં શ્રીમદ્ રાજચંદ્રજીનું આધ્યાત્મિક શિક્ષણ અત્યંત ઉપયોગી નીવડી શકે છે.

મહાત્મા ગાંધીજીના શબ્દોમાં - ''કવિ (શ્રીમદ્ રાજચંદ્રજી) સિવાય રસ્કિન અને ટૉલસ્ટૉયે મારા આંતરિક ચારિત્રના નિર્માણમાં યોગદાન આપ્યું છે, પરંતુ કવિનો મારા ઉપર વિશેષ ઊંડો પ્રભાવ પડ્યો છે, કારણ કે હું તેમની સાથે વ્યક્તિગત અને ઘનિષ્ઠ સંપર્કમાં આવ્યો હતો.''

આધ્યાત્મિક યુગપુરુષ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના શબ્દોમાં – ''શ્રીમદ્ રાજચંદ્ર થઈ ગયા છે, 33 વર્ષની ઉંમરે દેહ છૂટી ગયો હતો પણ તેઓ એકાવતારી થઈ ગયા છે. લાખોનો ઝવેરાતનો વેપાર મુંબઈમાં હતો છતાં અંદરમાં ભિન્ન પડી ગયેલા. નાળિયેરનો ગોળો જેમ છૂટો પડે, એમ સમ્યગ્દ્રષ્ટીને આત્મા રાગ અને દેહથી ભિન્ન પડી ગયો હોય છે. અલ્પ જીવન કાળમાં પણ તેમણે આત્માનુભવ પ્રમાણથી અધ્યાત્મ ક્ષેત્રમાં અદ્ભૂત યોગદાન આપ્યું છે.''

ગુજરાતી ભાષા તથા પદ્યશૈલીમાં રચિત આત્મસિદ્ધિ શાસ્ત્ર અમૂલ્ય પરમ પવિત્ર ગ્રંથ છે, જે આત્મવિજ્ઞાન પર આધારિત છે. આ ગ્રંથમાં અનેકાંત દ્રષ્ટિએ આત્માનું સ્વરૂપ સ્પષ્ટ કર્યુ છે અને છ પદો દ્વારા આધ્યાત્મિકતા સંબંધી ઊંડાણથી ચિંતન અને વિવેચન કર્યુ છે. છ પદ આ પ્રમાણે છે –

૧. આત્મા છે.
૨. આત્મા નિત્ય છે.
૩. આત્મા પોતાના કર્મનો કર્તા છે.
૪. આત્મા પોતાના કર્મનો ભોક્તા છે.
૫. આત્માનો મોક્ષ છે.
૬. આત્માના મોક્ષનો ઉપાય છે.

આત્મસિદ્ધિ શાસ્ત્રની ૧૪૨ ગાથાઓ પૈકી, પ્રથમ ૪૨ ગાથાઓમાં પ્રત્યક્ષ સદ્ગુરુ, મતાર્થી તથા આત્માર્થી જીવોના લક્ષણો ઉપર વિવેચન કર્યુ છે. અન્ય ૧૦૦ ગાથાઓમાં પ્રશ્ન અને ઉત્તરની શૈલીમાં શિષ્યની શંકાનું સમાધાન કર્યુ છે, જેમાં છ પદોનું વિસ્તૃત વિવેચન વિચારણીય છે.

શિષ્યને આત્મસિદ્ધિ શાસ્ત્ર સમજવામાં સરળતા રહે, તેથી શ્રીમદ્ રાજચંદ્રજીએ શિષ્ય અને ગુરુના સંવાદનો ઉપયોગ કર્યો છે. જિનાગમનું એવું કોઈ વાક્ય નથી, જેનો ભાવ આત્મસિદ્ધિ શાસ્ત્રમાં સમાહિત ન હોય.

૨૧૦૦૦ વર્ષોનો પંચમકાળ હોય છે. અત્યાર સુધી લગભગ ૨૫૦૦ વર્ષ સમાપ્ત થયા છે. પંચમકાળના અંત સુધી ૧૮૫૦૦ વર્ષો માટે આ પવિત્ર શાસ્ત્રનું અસ્તિત્વ રહે અને અનેકાનેક સાધકોની સાધનાનું આધાર બને, તે હેતુથી હું સમસ્ત પાઠક મિત્રોને નમ્ર નિવેદન કરૂં છું કે આ શાસ્ત્રનું ભવિષ્યમાં તમારા સમયમાં બોલાતી અને સમજાતી સમસ્ત ભાષાઓમાં અનુવાદ કરશો અથવા કરાવશો અને આખી સૃષ્ટિમાં તેનો પ્રચાર-પ્રસાર કરી આગળ ફેલાવજો. જો ભવિષ્યમાં પ્રલયના કારણે વિશ્વમાં વિનાશ થાય અને આ શાસ્ત્રની એક પ્રત પણ બચી જાય, તો એક પ્રતમાંથી લાખો-કરોડો પ્રત છપાવીને આખા વિશ્વમાં ફરી જ્ઞાનીની અપૂર્વવાણી અને પરમશ્રુતનો ડંકો વાગી શકે છે.

આ શાસ્ત્રની ૧૪૨ ગાથાઓનો વિશ્વના ૧૪૨ દેશોની ૪૧૫ ભાષાઓમાં અનુવાદ થાય, એ જ આત્મસિદ્ધિ શાસ્ત્ર મિશનનો વર્તમાન ઉદ્દેશ્ય છે.


પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા મને સંદેશ અને પ્રેરણા મળી છે કે આત્મસિદ્ધિ શાસ્ત્રના માધ્યમથી આખી સૃષ્ટિમાં સત્ય ધર્મનો ફેલાવો થાય. શ્રીમદ્ રાજચંદ્રજીના ૧૫૦માં જન્મદિનના શુભ અવસરે, કારતક સુદ પૂનમ, ૪ નવેમ્બર, ૨૦૧૭ ના દિને આ મિશન નિર્વિઘ્નરૂપે સંપન્ન થઈ ચૂક્યું હશે.

આત્મસિદ્ધિ શાસ્ત્ર મિશનના વિકાસ હેતુ આપ પોતાનો અભિપ્રાય કે સૂચન, ઈ-મેલ અથવા પત્ર દ્વારા અવશ્ય મોકલશો. ■

**ફૂલચંદ**

*www.fulchandshastri.com* *mission@fulchandshastri.com*


## ગાથા ૧


જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું - શ્રી સદ્ગુરૂ ભગવંત. ૧

**જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,**
**સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરૂ ભગવંત. ૧**

ચૈતન્ય સ્વભાવી નિજ શુદ્ધાત્માનું સ્વરૂપ સમજ્યા વિના આત્મા અનંત દુઃખ પામ્યો છે. જેણે આત્માનું સ્વરૂપ સમજાવ્યું, તે શ્રી સદ્ગુરૂ ભગવાનને હું નમસ્કાર કરું છું.


## ગાથા ૨


વર્ત્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ,
વિચારવા આત્માર્થિને, ભાખ્યો અત્ર અગોપ્ય. ૨

**વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ,**
**વિચારવા આત્માર્થિને, ભાખ્યો અત્ર અગોપ્ય. ૨**

આ વર્તમાન કળિયુગમાં મોક્ષમાર્ગની નિરૂપણાનો મોટાભાગે લોપ થઈ ગયો છે, તેથી આત્માર્થીને વિચારવા માટે અહીં તેને પ્રગટ કહેવામાં આવ્યો છે.


## ગાથા ૩



**કોઈ ક્રિયાજડ થઈ રહ્યાં, શુષ્કજ્ઞાનમાં કોઈ,**
**માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ. ૩**

કોઈક લોકો શરીરની જડક્રિયામાં અને કોઈક લોકો શાસ્ત્રીય શુષ્કજ્ઞાનમાં અટકી રહ્યા છે. તેઓ તેને મોક્ષમાર્ગ માને છે, તે દેખીને શ્રી સદ્‌ગુરુને તેમના પ્રત્યે કરૂણા ઉપજે છે.


## ગાથા ૪



**બાહ્ય ક્રિયામાં રાચતા, અંતર ભેદ ન કાંઈ,**
**જ્ઞાનમાર્ગ નીષેધતા, તેહ ક્રિયાજડ આઈ. ૪**

આત્મા તથા શરીર વચ્ચે ભેદજ્ઞાન વિના ક્રિયાજડ જીવો બાહ્યક્રિયામાં સંતુષ્ટ થઈ રહ્યા છે. વળી, તેઓ આત્માના જ્ઞાનમાર્ગનો નિષેધ કરે છે.


## ગાથા ૫



**બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણી માંહિ,**
**વર્તે મોહાવેશમાં, શુષ્ક જ્ઞાનિ તે આંહિ. ૫**

જે લોકો બંધ અને મોક્ષ કલ્પના છે, એમ માત્ર વાણીમાં બોલે છે અને મોહાવેશમાં વર્તે છે, તે શુષ્કજ્ઞાની છે.

## ગાથા ૬



**વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન,**
**તેમજ આતમજ્ઞાનની, પ્રાપ્તિતણાં નિદાન. ૬**

જો વૈરાગ્યાદિ આત્મજ્ઞાન સહિત હોય તો સફળ છે તેમજ વૈરાગ્યાદિ ચૈતન્ય સ્વભાવી શુદ્ધાત્માના લક્ષ્યે થતા હોય તો આત્મજ્ઞાનની પ્રાપ્તિના કારણ છે.

## ગાથા ૭

**ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન,**
**અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન. ૭**


જેના વિચારોમાં ત્યાગ અને વૈરાગ્ય હોતા નથી, તેને આત્મજ્ઞાન થતું નથી. જે ત્યાગ અને વૈરાગ્યમાં અટકે છે, તે પણ નિજ શુદ્ધાત્માનું સ્વરૂપ ઓળખતા નથી.

## ગાથા ૮

**જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ,**
**ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ. ૮**

જે જીવ જ્યાં જે અપેક્ષાએ કથન હોય, ત્યાં તે અપેક્ષાએ યથાયોગ્ય અર્થ સમજે અને યથાયોગ્ય આચરણ પાળે, તે જીવ આત્માર્થી છે.


## ગાથા ૯



**સેવે સદ્‌ગુરૂ ચરણને, ત્યાગી દઈ નિજપક્ષ,**
**પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ. ૯**

જે જીવ પોતાના પક્ષને છોડીને સદ્‌ગુરુના ચરણમાં સમર્પિત થાય છે, તે જીવ નિજ શુદ્ધાત્માના આશ્રયે પરમપદને પામે છે.

## ગાથા ૧૦



**આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ,**
**અપૂર્વવાણી પરમશ્રુત, સદ્‌ગુરૂ લક્ષણ યોગ્ય. ૧૦**

આત્મજ્ઞાન, વીતરાગતા, પૂર્વ કર્મના ઉદય અનુસાર વિચરણ, અપૂર્વ વાણી તથા પરમ શ્રુતજ્ઞાન, આ આત્માનુભવી સદ્‌ગુરુના લક્ષણો છે.

## ગાથા ૧૧

**પ્રત્યક્ષ સદ્‌ગુરૂ સમ નહીં, પરોક્ષ જિનઉપકાર,**
**એવો લક્ષ થયા વિના, ઉગે ન આત્મવિચાર. ૧૧**


પરોક્ષ જિનેન્દ્ર ભગવાનનો ઉપકાર પણ પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમાન નથી, એવો મહિમાભાવ જાગ્યા વિના શુદ્ધાત્માના વિચાર ઉદિત થતા નથી.

## ગાથા ૧૨

**સદ્‌ગુરૂના ઉપદેશવણ, સમજાય ન જિનરૂપ,**
**સમજયા વણ ઉપકાર શો ? સમજ્યે જિનસ્વરૂપ. ૧૨**

સદ્‌ગુરુના ઉપદેશ વિના જિનેન્દ્ર ભગવાનનું સ્વરૂપ સમજાતું નથી. સમજ્યા વિના શો ઉપકાર થાય? જે જીવ જિનેન્દ્ર ભગવાનનું સ્વરૂપ સમજે છે, તે જીવ જિનેન્દ્ર ભગવાન સ્વરૂપ થાય છે.


## ગાથા ૧૩



**આત્માદી અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર,**
**પ્રત્યક્ષ સદ્‌ગુરૂ યોગ નહિં, ત્યાં આધાર સુપાત્ર. ૧૩**

જ્યાં સુપાત્ર જીવને પ્રત્યક્ષ સદ્‌ગુરુનું સાનિધ્ય ન હોય, ત્યાં આત્માદિ અસ્તિત્વના નિરૂપક શાસ્ત્ર આધારભૂત છે.

## ગાથા ૧૪



**અથવા સદ્‌ગુરૂએ કહ્યાં, જે અવગાહન કાજ,**
**તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ. ૧૪**

અથવા સદ્‌ગુરુની આજ્ઞા પ્રમાણે પોતાના માટે આભારભૂત શાસ્ત્રોનો, પોતાના મતનો આગ્રહ છોડીને નિત્ય વિચાર કરવો જોઈએ.

## ગાથા ૧૫

**રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ,**
**પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ. ૧૫**


વીતરાગી જિનેન્દ્ર ભગવાને કહ્યું છે કે જો જીવ પોતાનો સ્વચ્છંદ છોડે, તો અવશ્ય મોક્ષ પામે. અનંત જીવો આ રીતે મોક્ષ પામ્યા છે.

## ગાથા ૧૬

**પ્રત્યક્ષ સદ્‌ગુરૂ યોગથી, સ્વચ્છંદ તે રોકાય,**
**અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય. ૧૬**

પ્રત્યક્ષ સદ્‌ગુરુનું સાનિધ્ય પ્રાપ્ત થતાં તે સ્વચ્છંદ મટે છે. અન્ય ઉપાય શોધવાથી સ્વચ્છંદ બમણો થાય છે.


## ગાથા ૧૭


સ્વચ્છંદ, મત આગ્રહ તજી, વર્ત્તે સદ્ગુરૂલક્ષ,
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ. ૧૭

**સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્ત્તે સદ્‌ગુરૂલક્ષ,**
**સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ. ૧૭**

જે જીવ પોતાના સ્વચ્છંદ, મત આને આગ્રહને છોડીને સદ્‌ગુરુનું અનુસરણ કરે છે, તે જીવને પ્રત્યક્ષ સદ્‌ગુરુને કારણ ગણીને સમકિત કહ્યું છે.


## ગાથા ૧૮


માનાદિક શત્રૂ મહા, નિજ છંદે ન મરાય,
જાતાં સદ્ગુરૂ શરણમાં, અલ્પ પ્રયાસે જાય. ૧૮

**માનાદિક શત્રૂ મહા, નિજછંદે ન મરાય,**
**જાતાં સદ્‌ગુરૂ શરણમાં, અલ્પ પ્રયાસે જાય. ૧૮**

માન વગેરે કષાયો આત્માના મહાશત્રુ છે. તેનો પોતાના ડહાપણથી નાશ થતો નથી. તે કષાય ભાવો સદ્‌ગુરુના શરણમાં જતાં અલ્પ પ્રયાસે નાશ પામે છે.


## ગાથા ૧૯



**જે સદ્‌ગુરૂ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન,**
**ગુરૂ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન. ૧૯**

જે સદ્‌ગુરુના ઉપદેશ થકી શિષ્ય કેવળજ્ઞાન પામ્યો હોય, તે સદ્‌ગુરુ હજી છદ્મસ્થ અવસ્થામાં રહ્યા હોય, તો પણ કેવળી ભગવાન કેવળજ્ઞાનની પર્યાયમાં જાણવારૂપ વિનય કરે. નિજ શુદ્ધાત્માના ઉપદેશક સદ્‌ગુરુ ઉપર પણ દ્રષ્ટિ ન કરીને નિજ આત્મામાં લીન થવું એ જ સદ્‌ગુરુનો વિનય છે.


## ગાથા ૨૦



**એવો માર્ગ વિનયતણો, ભાખ્યો શ્રી વીતરાગ,**
**મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય. ૨૦**

શ્રી વીતરાગી ભગવાને એવો જે વિનયનો માર્ગ કહ્યો છે, એ માર્ગના મૂળ આશયને કોઈક સૌભાગ્યશાળી જીવ સમજે છે.


## ગાથા ૨૧



**અસદ્ગુરૂ એ વિનયનો, લાભ લહે જો કાંઈ,**
**મહામોહિની કર્મથી, બુડે ભવજળ માંહિ. ૨૧**

જો અસદ્ગુરુ એ વિનયનો ગેરલાભ ઊઠાવે, તો મહામોહનીય કર્મના ફળમાં ભવસાગરમાં ડૂબે છે.


## ગાથા ૨૨



**હોય મુમુક્ષુ જીવ તે, સમજે એહ વિચાર,**
**હોય મતાર્થિ જીવ તે, અવળો લે નિર્ધાર. ૨૨**

જેને મોક્ષ પામવાની ઈચ્છા હોય, એવો મુમુક્ષુ જીવ સદ્ગુરુના યથાર્થ આશયને ગ્રહણ કરે છે. પરંતુ પોતાના મતનો આગ્રહી એવો મતાર્થી જીવ વિપરીત અર્થ ગ્રહણ કરે છે.

## ગાથા ૨૩




**હોય મતાર્થિ તેહને, થાય ન આતમલક્ષ,**
**તેહ મતાર્થિ લક્ષણો, અહીં કહ્યા નિર્પક્ષ. ૨૩**

મતાર્થી જીવને આત્મજ્ઞાન થતું નથી. અહીં કોઈ પણ પક્ષપાત વિના મતાર્થી જીવના લક્ષણો કહ્યા છે.

# મતાર્થિ લક્ષણ (ગાથા ૨૪-૩૩)


## ગાથા ૨૪



**બાહ્ય ત્યાગ પણ જ્ઞાન નહિ, તે માને ગુરૂ સત્ય,**
**અથવા નિજકુળધર્મના, તે ગુરૂમાં જ મમત્વ. ૨૪**

મતાર્થી જીવ તે ગુરુને સત્ય માને છે કે જેને બાહ્ય ત્યાગ હોય છે, પણ આત્મજ્ઞાન નહીં. મતાર્થી કુળપરંપરાગત મનાતા ગુરુને જ પોતાના માને છે.


## ગાથા ૨૫



**જે જિનદેહપ્રમાણ ને, સમવસરણાદિ સિદ્ધિ,**
**વર્ણન સમજે જિનનું, રોકિ રહે નિજબુદ્ધિ. ૨૫**

તે જિનેન્દ્ર ભગવાનના શરીર અને સમવસરણાદિ બાહ્ય વૈભવના વર્ણનને જિનેન્દ્ર ભગવાનનું સ્વરૂપ સમજે છે, તે બાહ્ય સંયોગોના વિચારોમાં અટકે છે.


## ગાથા ૨૬



**પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગમાં, વર્તે દૃષ્ટિ વિમુખ,**
**અસદ્‌ગુરુને દ્રઢ કરે, નિજ માનાર્થે મુખ્ય. ૨૬**

પ્રત્યક્ષ સદ્‌ગુરુના સાનિધ્યમાં પણ તેની દ્રષ્ટિ વિપરીત દિશાએ વર્તે છે. મુખ્યત્વે પોતાના માનને લીધે અસદ્‌ગુરુને પોષે છે.


## ગાથા ૨૭



**દેવાદી ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન,**
**માને નિજમત વેષનો, આગ્રહ મુક્તિ નિદાન. ૨૭**

તે દેવ વગેરે ગતિઓના ભેદના જ્ઞાનને શ્રુતજ્ઞાન સમજે છે અને પોતાના મતમાં પહેરાતા પોષાકનો આગ્રહ રાખીને તે વેષને મોક્ષનું કારણ માને છે.


## ગાથા ૨૮



**લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન,**
**ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન. ૨૮**

તે આત્મામાં પડેલી મલિન વૃત્તિનું સ્વરૂપ ઓળખ્યા વિના વ્રત પાળવાનો નિયમ લે છે અને તેનું પણ અભિમાન કરે છે. તે લૌકિક પદને પામવા માટે પરમપદને પામતો નથી.


## ગાથા ૨૯



**અથવા નિશ્ચયનય ગ્રહે, માત્ર શબ્દની માંય,**
**લોપે સદ્‌વ્યવહારને, સાધન રહીત થાય. ૨૯**

અથવા નિશ્ચયનયના કથનને શબ્દ માત્રથી પકડે છે, સદાચારનો નિષેધ કરીને સાધન રહિત થાય છે.


## ગાથા 30



**જ્ઞાનદશા પામે નહીં, સાધન દશા ન કાંઈ,**
**પામે તેનો સંગ જે, તે બુડે ભવમાંહિ. 30**

તે જીવ આત્મજ્ઞાન તો પામતો નથી, પણ તેના આધારભૂત સાધનોનું પણ અવલંબન લેતો નથી. આવા જીવોનો સાથ કરનાર ભવસાગરમાં ડૂબે છે.


## ગાથા ૩૧



**એ પણ જીવ મતાર્થમાં, નિજમાનાદી કાજ,**
**પામે નહિં પરમાર્થને અન અધિકારીમાંજ. ૩૧**

એ જીવ પણ પોતાના માનના કારણે મતના આગ્રહમાં રહીને પરમપદને પામતો નથી અને તે પદની પ્રાપ્તિ માટે અપાત્ર જ રહે છે.


## ગાથા ૩૨



**નહિં કષાય ઉપશાંતતા, નહિં અંતર વૈરાગ્ય,**
**સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થિ દુર્ભાગ્ય. ૩૨**

મતાર્થી જીવનું એ દુર્ભાગ્ય છે કે તેનામાં કષાયનો ઉપશમ, અંતરંગમાં વૈરાગ્ય, સરળપણું અને મધ્યસ્થ ભાવ હોતા નથી.

## ગાથા 33




**લક્ષણ કહ્યાં મતાર્થિના, મતાર્થ જાવા કાજ,**
**હવે કહું આત્માર્થિના આત્મઅર્થ સુખસાજ. 33**

મતાર્થી જીવના મતાર્થને દૂર થવાના હેતુથી મતાર્થીના લક્ષણો કહ્યા. હવે આત્માનુભૂતિ અને આત્મિક સુખની પ્રાપ્તિના હેતુથી આત્માર્થીના લક્ષણો કહું છું.

# આત્માર્થિ લક્ષણ (ગાથા ૩૪-૪૨)


## ગાથા ૩૪



**આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરૂ હોય,**
**બાકી કુળગુરૂ કલ્પના, આત્માર્થિ નહિ જોય. ૩૪**

જ્યાં આત્માનુભૂતિ થતા પ્રગટ થયેલું આત્મજ્ઞાન હોય, ત્યાં મુનિપણું હોય છે, તે મુનિ સાચા ગુરુ છે. અન્ય સર્વ કુળપરંપરાથી મનાતા કાલ્પનિક મિથ્યાગુરુ છે, તેમને આત્માર્થી ગુરુ તરીકે માનતો નથી.


## ગાથા ૩૫



**પ્રત્યક્ષ સદ્‌ગુરૂપ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર,**
**ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર. ૩૫**

આત્માર્થી પ્રત્યક્ષ સદ્‌ગુરુનું સાનિધ્ય પ્રાપ્ત થવાને પરમ ઉપકાર માને છે. મન, વચન અને કાયા એમ ત્રણેય યોગની એકતા વડે સદ્‌ગુરુની આજ્ઞાનું પાલન કરે છે.


## ગાથા ૩૬



**એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ,**
**પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત. ૩૬**

પરમપદની પ્રાપ્તિનો માર્ગ ભૂત, વર્તમાન અને ભવિષ્ય એમ ત્રણેય કાળમાં એક હોય છે. તે વ્યવહાર જ વ્યવહાર છે કે જે પરમપદની પ્રાપ્તિની પ્રેરણા આપનાર હોય.


## ગાથા ૩૭



**એમ વિચારી અંતરે, શોધે સદ્‌ગુરૂ યોગ,**
**કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ. ૩૭**

આ પ્રમાણે અંતરંગ વિચાર સહિત આત્માર્થી જીવ સદ્‌ગુરુનું સાનિધ્ય શોધે છે. તેને એક માત્ર આત્મા જ પ્રયોજનભૂત છે અને મનમાં બીજી કોઈ અભિલાષા નથી.


## ગાથા ૩૮



**કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષઅભિલાષ,**
**ભવે ખેદ પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ. ૩૮**

જ્યાં કષાયની ઉપશાંતતા હોય, માત્ર મોક્ષની અભિલાષા હોય, ભવભ્રમણનો ખેદ વર્તતો હોય અને પ્રાણી માત્ર પર દયાનો ભાવ હોય, ત્યાં આત્માર્થ વસે છે.


## ગાથા ૩૯



**દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહિ જોગ,**
**મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર રોગ. ૩૯**

જ્યાં સુધી જીવમાં આવી દશા પ્રગટ થતી નથી, ત્યાં સુધી જીવ મોક્ષમાર્ગ પામતો નથી અને આત્મભ્રાંતિરૂપ રોગ દૂર થતો નથી.


## ગાથા ૪૦



**આવે જ્યાં એવી દશા, સદ્‌ગુરૂ બોધ સુહાય,**
**તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય. ૪૦**

જ્યારે જીવને આવી દશા પ્રગટે છે, ત્યારે તેને સદ્‌ગુરુનો બોધ રૂચે છે. તે બોધ વડે સમ્યક્ વિચારણા પ્રગટે છે અને સુખ પણ તેને પ્રગટે છે.


## ગાથા ૪૧



**જયાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન,**
**જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ. ૪૧**

જ્યારે સમ્યક્ વિચારણા પ્રગટે છે, ત્યારે આત્મજ્ઞાન પ્રગટે છે, આત્મજ્ઞાન વડે મોહનો ક્ષય થાય છે અને આત્મા દેહ રહિત મોક્ષપદ પામે છે.

## ગાથા ૪૨




**ઉપજે તે સુવિચારણા, મોક્ષમાર્ગ સમજાય,**
**ગુરૂ શિષ્ય સંવાદથી, ભાખું ષટ્ પદ આંહિ. ૪૨**

જ્યારે સમ્યક્ વિચારણા ઉગે છે, ત્યારે મોક્ષમાર્ગ સમજાય છે. અહીં ગુરુ અને શિષ્ય સંવાદરૂપે છ પદ કહું છું.

# છ પદ (ગાથા ૪૩-૪૪)


## ગાથા ૪૩


આત્મા છે તે નિત્ય છે, છે કર્તા નિજકર્મ,
છે ભોક્તા વળી મોક્ષ છે, મોક્ષ ઉપાય સુધર્મ. ૪૩

**આત્મા છે તે નિત્ય છે, છે કર્તા નિજકર્મ,**
**છે ભોક્તા વળી મોક્ષ છે, મોક્ષ ઉપાય સુધર્મ. ૪૩**

આત્મા છે. તે નિત્ય છે. તે પોતાના કર્મોનો કર્તા છે. તે પોતાના કર્મોનો ભોક્તા છે. આત્માનો મોક્ષ છે. મોક્ષનો ઉપાય સમ્યક્ ધર્મ છે.

## ગાથા ૪૪


ષટ્ સ્થાનક સંક્ષેપમાં, ષટ્ દર્શન પણ તેહ,
સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનિયે એહ. ૪૪


**ષટ્ સ્થાનક સંક્ષેપમાં, ષટ્ દર્શન પણ તેહ,**
**સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનિયે એહ. ૪૪**

સંક્ષેપમાં કહેલા જે છ પદ છે, તે છ દર્શન પણ છે. પરમપદને સમજાવવા માટે જ્ઞાનીએ તે કહ્યા છે.

# ૧. આત્મા છે.

## શંકા-શિષ્ય ઉવાચ (ગાથા ૪૫-૪૮)


### ગાથા ૪૫



**નથી દ્રષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ,**
**બીજો પણ અનુભવ નહીં, તેથિ ન જીવસ્વરૂપ. ૪૫**

આત્મા આંખ વડે દેખાતો નથી, આત્માનું સ્વરૂપ પણ જણાતું નથી, આત્માનો બીજો પણ કોઈ અનુભવ થતો નથી, તેથી આત્માનું અસ્તિત્વ હોતું નથી.


### ગાથા ૪૬



**અથવા દેહ જ આતમા, અથવા ઈંદ્રિય પ્રાણ,**
**મિથ્યા જૂદો માનવો, નહિં જૂદું એંધાણ. ૪૬**

અથવા શરીર જ આત્મા છે, અથવા ઈન્દ્રિયો અને પ્રાણ જ આત્મા છે. આત્માને તેનાથી જુદો માનવો મિથ્યા છે. કારણ કે તેનું બીજું કોઈ જુદું લક્ષણ નથી.


## ગાથા ૪૭



**વળિ જો આત્મા હોય તો, જણાય તે નહિં કેમ?**
**જણાય જો તે હોય તો, ઘટ પટ આદી જેમ.  ૪૭**

વળી જો આત્માનું અસ્તિત્વ હોય, તે કેમ જણાતો નથી? જો તે હોય તો, માટલું, કપડું વગેરે પદાર્થોની જેમ જણાવો જોઈએ.

## ગાથા ૪૮




**માટે છે નહિં આતમા, મિથ્યા મોક્ષ ઉપાય,**
**એ અંતર શંકા તણો, સમજાવો સદુપાય.  ૪૮**

તેથી આત્મા હોતો નથી, મોક્ષનો ઉપાય પણ મિથ્યા છે. આ મારી અંતરંગની શંકા છે, હવે મને સમ્યક્ પ્રકારે સમજાવો.

# સમાધાન-સદ્‌ગુરૂ ઉવાચ (ગાથા ૪૯-૫૮)


## ગાથા ૪૯



**ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન,**
**પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન. ૪૯**

દેહમાં રહેલી એકત્વબુદ્ધિના ભ્રમને લીધે આત્મા અને શરીર સમાન લાગે છે. પણ ખરેખર તે બંને પોતાના પ્રગટ લક્ષણ વડે જુદા છે.


## ગાથા ૫૦



**ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન,**
**પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસીને મ્યાન. ૫૦**

દેહમાં રહેલી એકત્વબુદ્ધિના ભ્રમને લીધે આત્મા અને શરીર સમાન લાગે છે. પણ ખરેખર તે બંને તલવાર અને મ્યાનની જેમ જુદા છે.


## ગાથા ૫૧



**જે દ્રષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ,**
**અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ. ૫૧**

જે દ્રષ્ટિનો દ્રષ્ટા છે, જે રૂપને જાણનાર છે અને જે અનુભવને કોઈ બાધા પહોંચતી નથી, તે આત્માનું સ્વરૂપ છે.


## ગાથા ૫૨



**છે ઈંદ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું ભાન,**
**પાંચ ઈંદ્રિના વિષયનું, પણ આત્માને ભાન. ૫૨**

પ્રત્યેક ઈન્દ્રિયને પોતપોતાના વિષયનું જ્ઞાન થાય છે. પણ આત્માને પાંચેય ઈન્દ્રિયના વિષયનું જ્ઞાન થાય છે.


## ગાથા ૫૩



**દેહ ન જાણે તેહને, જાણે ન ઈંદ્રિ પ્રાણ,**
**આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ. ૫૩**

શરીર આત્માને જાણતું નથી, ઈન્દ્રિયો અને પ્રાણ તેને જાણતા નથી. તુ એમ જાણ કે આત્માના અસ્તિત્વમાં શરીર, ઈન્દ્રિયો અને પ્રાણ જીવંત છે.


## ગાથા ૫૪



**સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય,**
**પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય. ૫૪**

આત્મા સર્વ અવસ્થામાં સદાય ન્યારો રહે છે. ત્રિકાળ પ્રગટ એવો ચૈતન્ય સ્વભાવ આત્માનું વાસ્તવિક લક્ષણ છે.


## ગાથા ૫૫



**ઘટ પટ આદી જાણ તું, તેથી તેને માન,**
**જાણનાર તે માન નહિ, કહિયે કેવું જ્ઞાન? ૫૫**

માટલું, કપડું, વગેરે પદાર્થોને જાણે છે, તેથી તેને માને છે. પણ તું તેને માનતો નથી કે જે આ બધા પદાર્થોને જાણનારો છે. તારા આવા જ્ઞાન વિષે શું કહેવું?


## ગાથા ૫૬



**પરમ બુદ્ધિ કૃષ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ,**
**દેહ હોય જો આતમા, ઘટે ન આમ વિકલ્પ. ૫૬**

પાતળા શરીરધારીને તીક્ષ્ણ બુદ્ધિ અને જાડા શરીરધારીને મંદબુદ્ધિ હોય એમ દેખાય છે. જો શરીર જ આત્મા હોય, તો આ પ્રમાણે ન બનવું જોઈએ.


## ગાથા ૫૭



**જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ,**
**એક પણું પામે નહીં, ત્રણે કાળ દ્વય ભાવ. ૫૭**

જડ અને ચેતનનો સ્વભાવ જ પ્રગટ જુદો-જુદો છે. તે ક્યારેય એક થઈ જતા નથી. ભૂત, વર્તમાન અને ભવિષ્ય ત્રણેય કાળમાં બંને જુદા-જુદા રહે છે.

## ગાથા ૫૮




**આત્માની શંકા કરે, આત્મા પોતે આપ,**
**શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ. ૫૮**

આત્માના અસ્તિત્વની શંકા આત્મા પોતે કરે છે. એ અચરજ પમાડે એવી વાત છે કે શંકા કરનાર પોતે જ પોતાના અસ્તિત્વની શંકા કરે છે.

# ૨. આત્મા નિત્ય છે.
## શંકા-શિષ્ય ઉવાચ (ગાથા ૫૯-૬૧)


### ગાથા ૫૯



**આત્માનાં અસ્તિત્વના, આપે કહ્યા પ્રકાર,**
**સંભવ તેનો થાય છે, અંતર કર્યે વિચાર. ૫૯**

આપે આત્માના અસ્તિત્વને અનેક પ્રકારે સમજાવ્યું. અંતરંગમાં વિચાર કરતા આત્માના અસ્તિત્વની સંભાવના જણાય છે.


### ગાથા ૬૦



**બીજી શંકા થાય ત્યાં, આત્મા નહીં અવિનાશ,**
**દેહ યોગથી ઊપજે, દેહ વિયોગે નાશ. ૬૦**

હવે બીજી શંકા એ છે કે આત્મા અવિનાશી નથી. તે દેહનો જન્મ થતા જન્મે છે અને દેહનું મરણ થતા નાશ પામે છે.

## ગાથા ૬૧




**અથવા વસ્તુ ક્ષણીક છે, ક્ષણે ક્ષણે પલટાય,**
**એ અનુભવથી પણ નહીં, આત્મા નિત્ય જણાય. ૬૧**

અથવા વસ્તુ ક્ષણિક હોવાથી દરેક ક્ષણે બદલાય છે, તે અનુભવથી પણ આત્મા નિત્ય જણાતો નથી.

# સમાધાન-સદ્‌ગુરૂ ઉવાચ (ગાથા ૬૨-૭૦)


## ગાથા ૬૨



**દેહ માત્ર સંયોગ છે, વળિ જડ રૂપી દશ્ય,**
**ચેતનનાં ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય? ૬૨**

આત્મા સાથે રહેલું આ શરીર માત્ર ક્ષણિક સંયોગ છે. શરીર ચૈતન્ય સ્વભાવ રહિત જડ, રૂપી અને ઈન્દ્રિય વડે દ્રશ્ય છે. આત્માના ઉત્પાદ અને વ્યય કોના અનુભવમાં આવે છે?


## ગાથા ૬૩


જેના અનુભવ વશ્ય એ, ઉત્પન્ન લયનું જ્ઞાન,
તે તેથી જૂદા વિના, થાય ન કેમેં ભાન. ૬૩

**જેના અનુભવ વશ્ય એ, ઉત્પન્ન લયનું જ્ઞાન,**
**તે તેથી જૂદા વિના, થાય ન કેમેં ભાન. ૬૩**

જેના અનુભવમાં ઉત્પાદ અને વ્યયનું જ્ઞાન થાય છે, તે તેનાથી જુદા હોવા વિના કદાપિ જ્ઞાન થાય નહીં.


## ગાથા ૬૪


જે સંયોગો દેખિયે, તે તે અનુભવ દશ્ય;
ઉપજે નહિ સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ. ૬૪

**જે સંયોગો દેખિયે, તે તે અનુભવ દશ્ય,**
**ઉપજે નહિ સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ. ૬૪**

જે પણ સંયોગો દેખીએ છીએ, તે આત્મા વડે અનુભવાય છે. તે સંયોગોથી આત્મા ઉત્પન્ન થતો નથી. આત્મા નિત્ય પ્રત્યક્ષ છે.


## ગાથા ૬૫



**જડથી ચેતન ઊપજે, ચેતનથી જડ થાય,**
**એવો અનુભવ કોઈને, ક્યારે કદી ન થાય. ૬૫**

જડથી ચેતનની ઉત્પત્તિ થાય અને ચેતનથી જડની ઉત્પત્તિ થાય, એવો અનુભવ ક્યારેય કોઈને થતો નથી.

## ગાથા ૬૬



**કોઈ સંયોગોથી નહીં, જેની ઉત્પત્તિ થાય,**
**નાશ ન તેનો કોઈમાં, તેથી નિત્ય સદાય. ૬૬**

જે સંયોગો વડે ઉત્પન્ન થતો નથી, તે નાશ પામીને કોઈમાં મળી જતો નથી, તેથી તે સદાય નિત્ય છે.

## ગાથા ૬૭

ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય,
પૂર્વજન્મ સંસ્કાર તે, જીવ નિત્યતા ત્યાંય. ૬૭

**ક્રોધાદી તરતમ્યતા, સર્પાદિકની માંય,**
**પૂર્વજન્મ સંસ્કાર તે, જીવ નિત્યતા ત્યાંય. ૬૭**

ક્રોધ વગેરે કષાય ભાવોની તારતમ્યતા સર્પ વગેરેમાં હોય છે, તે તેના પૂર્વભવના સંસ્કાર હોવાથી જીવની નિત્યતા સિદ્ધ થાય છે.

## ગાથા ૬૮

આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય,
બાળાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય. ૬૮

**આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય,**
**બાળાદી વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય. ૬૮**

આત્મા દ્રવ્ય દ્રષ્ટિએ ટકીને રહે છે અને પર્યાય દ્રષ્ટિએ બદલાય છે. બાળપણ, જુવાની અને ઘડપણ એમ ત્રણેય અવસ્થાનું જ્ઞાન એક આત્માને થાય છે.

## ગાથા ૬૯

અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર,
વદનારો તે ક્ષણિક નહિ, કર અનુભવ નિર્ધાર. ૬૯

**અથવા જ્ઞાન ક્ષણીકનું, જે જાણી વદનાર,**
**વદનારો તે ક્ષણિક નહિ, કર અનુભવ નિર્ધાર. ૬૯**

અથવા ક્ષણિકનું જે જ્ઞાન થાય છે, તેને જાણીને બોલનારો છે, તે બોલનારો ક્ષણિક નથી. પોતાના અનુભવથી આ નિર્ણય કર.

## ગાથા ૭૦

ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ,
ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ. ૭૦


**ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ,**
**ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ. ૭૦**

કોઈ પણ વસ્તુનો ક્યારેય એકાંતે નાશ થતો નથી. જો આત્મા નાશ પામે, તો ક્યાં જઈને મળે, એની તપાસ કર.

# ૩. આત્મા પોતાના કર્મનો કર્તા છે.

## શંકા-શિષ્ય ઉવાચ (ગાથા ૭૧-૭૩)


### ગાથા ૭૧



**કર્તા ન જીવ કર્મનો, કર્મ જ કર્તા કર્મ,**
**અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ. ૭૧**

આત્મા કર્મનો કર્તા નથી, કર્મ જ કર્મનો કર્તા છે અથવા કર્મબંધ સહજ સ્વભાવ છે અથવા કર્મબંધ થવો એ આત્માનો ધર્મ છે.


### ગાથા ૭૨



**આત્મા સદા અસંગ ને, કરે પ્રકૃતિ બંધ,**
**અથવા ઈશ્વર પ્રેરણા, તેથી જીવ અબંધ. ૭૨**

આત્મા સદાય અસંગ છે, કાર્માણ વર્ગણા કર્મ બાંધે છે અથવા ઈશ્વરની પ્રેરણાથી કર્મબંધ થાય છે, માટે જીવ અબંધ છે.

## ગાથા ૭૩




**માટે મોક્ષ ઉપાયનો, કોઈ ન હેતુ જણાય,**
**કર્મતણું કર્ત્તાપણું, કાં નહિં કાં નહિં જાય. ૭૩**

માટે મોક્ષના ઉપાયનું કોઈ કારણ જણાતું નથી. આત્મા કર્મનો કર્તા નથી અથવા જો કર્મનું કર્તાપણું ક્યારેય છૂટી શકે એવું નથી.

# સમાધાન-સદ્‌ગુરૂ ઉવાચ (ગાથા ૭૪-૭૮)


## ગાથા ૭૪



**હોય ન ચેતનપ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ,**
**જડ સ્વભાવ નહિં પ્રેરણા, જુઓ વિચારી ધર્મ. ૭૪**

જો આત્મામાં રાગ-દ્વેષના વિકારીભાવ ન હોય, તો કર્મબંધન કોને થાય? જડ વસ્તુનો સ્વભાવ પ્રેરણા આપવાનો નથી, તેથી સ્વભાવની દ્રષ્ટિએ ચેતન અને જડ દ્રવ્યોનો વિચાર કરો.


## ગાથા ૭૫


જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ,
તેથી સહજ સ્વભાવ નહિ, તેમજ નહિ જીવ ધર્મ. ૭૫

**જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ,**
**તેથી સહજ સ્વભાવ નહિ, તેમજ નહિ જીવ ધર્મ. ૭૫**

જો આત્મામાં રાગ-દ્વેષરૂપી મલિન ભાવ ન થાય, તો કર્મબંધન પણ થતું નથી. તેથી કર્મબંધ સહજ સ્વભાવ નથી અને આત્માનો ધર્મ પણ નથી.


## ગાથા ૭૬


કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ?
અસંગ છે પરમાર્થથી, પણ નિજ ભાને તેમ. ૭૬

**કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ?**
**અસંગ છે પરમાર્થથી, પણ નિજ ભાને તેમ. ૭૬**

જો આત્મા એકાંતે અસંગ હોત, તો તને કેમ દેખાતો નથી? આત્મા નિશ્ચયનયથી અસંગ છે, પણ આવું તો આત્માનુભવીને જણાય છે.


## ગાથા ૭૭



**કર્તા ઈશ્વર કોઈ નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ,**
**અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષપ્રભાવ. ૭૭**

કર્મબંધના કર્તા કોઈ ઈશ્વર નથી. ઈશ્વર તો શુદ્ધ અવસ્થાને પામેલ આત્મા છે. જો ઈશ્વરને કર્મબંધના પ્રેરક માનવામાં આવે, તો તે પણ અપરાધમાં સહમત થાય.

## ગાથા ૭૮




**ચેતન જો નિજ ભાનમાં, કર્ત્તા આપ સ્વભાવ,**
**વર્ત્તે નહિ નિજભાનમાં, કર્ત્તા કર્મ પ્રભાવ. ૭૮**

જો આત્મા પોતાના સ્વરૂપમાં જાગ્રત હોય, તો પોતાના સ્વભાવનો કર્તા છે. જો પોતાના સ્વરૂપમાં જાગ્રત ન હોય તો, કર્મનો કર્તા થાય છે.

# ૪. આત્મા પોતાના કર્મનો ભોક્તા છે.
## શંકા-શિષ્ય ઉવાચ (ગાથા ૭૯-૮૧)


### ગાથા ૭૯


જીવ કર્મ કર્તા કહો, પણ ભોક્તા નહિ સોય,
શું સમજે જડ કર્મ કે, ફળપરિણામી હોય. ૭૯

**જીવ કર્મ કર્તા કહો, પણ ભોક્તા નહિ સોય,**
**શું સમજે જડ કર્મ કે, ફળપરિણામી હોય. ૭૯**

આત્માને કર્મનો કર્તા કહો, પણ આત્મા કર્મનો ભોક્તા નથી. જડ કર્મને શું સમજ પડે કે તે આત્માને ફળ આપે?


### ગાથા ૮૦


ફળદાતા ઈશ્વર ગણ્યે ભોક્તાપણું સધાય;
એમ કહ્યે ઈશ્વરતણું, ઈશ્વરપણું જ જાય. ૮૦

**ફળદાતા ઈશ્વર ગણ્યે, ભોક્તાપણું સધાય,**
**એમ કહ્યે ઈશ્વરતણું, ઈશ્વરપણું જ જાય. ૮૦**

ઈશ્વરને કર્મના ફળ આપનાર માનવામાં આવે તો ભોક્તાપણું સિદ્ધ થાય છે. પરંતુ એમ કહેતા તો ઈશ્વરનું ઈશ્વરપણું જ જતું રહે છે.

## ગાથા ૮૧




**ઈશ્વર સિદ્ધ થયા વિના, જગત્‌નિયમ નહિ હોય,**
**પછી શુભાશુભ કર્મનાં, ભોગ્યસ્થાન નહિં હોય. ૮૧**

ઈશ્વર સિદ્ધિ થયા વિના જગતની યથાયોગ્ય વ્યવસ્થા ન જળવાઈ શકે અને હાં, શુભ અને અશુભ કર્મોને ભોગવવાના સ્થાનો પણ નથી.

# સમાધાન-સદ્‌ગુરૂ ઉવાચ (ગાથા ૮૨-૮૬)


## ગાથા ૮૨



**ભાવકર્મ નિજકલ્પના, માટે ચેતનરૂપ,**
**જીવવીર્યની સ્ફૂરણા, ગ્રહણ કરે જડધૂપ. ૮૨**

આત્મામાં ઉત્પન્ન થતા મોહ, રાગ અને દ્વેષના ભાવો આત્મામાં થતા હોવાથી ચેતનરૂપ છે. કષાય ભાવોના કારણે આત્મા સાથે કાર્માણ વર્ગણા બંધાય છે.


## ગાથા ૮૩



**ઝેર સુધા સમજે નહીં, જીવ ખાય ફળ થાય,**
**એમ શુભાશુભ કર્મનું, ભોક્તાપણું જણાય. ૮૩**

ઝેર અને અમૃત જ્ઞાન સ્વભાવ રહિત હોવા છતા, જે વ્યક્તિ તેને ખાય છે, તે તેના ફળને ભોગવે છે. એ જ રીતે શુભ અને અશુભ કર્મોનું ફળ સમજી શકાય છે.

## ગાથા ૮૪



**એક રાંક ને એક નૃપ, એ આદી જે ભેદ,**
**કારણ વિના ન કાર્ય તે, તેજ શુભાશુભ વેદ્ય. ૮૪**

એક વ્યક્તિ નિર્ધન અને એક વ્યક્તિ રાજા છે. આવા પ્રકારના બીજા પણ જે ભેદો છે, તે શુભ અને અશુભ કર્મોના ફળને સિદ્ધ કરે છે. કારણ વિના કાર્ય થતું નથી.

## ગાથા ૮૫

ફળદાતા ઈશ્વરતણી, એમાં નથી જરૂર,
કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર. ૮૫

**ફળદાતા ઈશ્વર તણી, એમાં નથી જરૂર,**
**કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર. ૮૫**

કર્મોએ ફળ આપવા માટે ઈશ્વરની જરૂર પડતી નથી. કર્મો પોત-પોતાના સ્વભાવ પ્રમાણે પરિણમે છે અને ફળ આપ્યા બાદ તે આત્માથી દૂર થાય છે.

## ગાથા ૮૬

તે તે ભોગ્ય વિશેષના, સ્થાનક દ્રવ્યસ્વભાવ,
ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ. ૮૬

**તે તે ભોગ્ય વિશેષના, સ્થાનક દ્રવ્યસ્વભાવ,**
**ગહન વાત છે શિષ્ય આ, કહિ સંક્ષેપે સાવ. ૮૬**

દ્રવ્યના પોતાના સ્વભાવ પ્રમાણે કર્મોને ભોગવવાના સ્થાનો હોય છે. હે શિષ્ય! આ વાત ઊંડા રહસ્યથી ભરેલી છે, પણ અહીં તેને સંક્ષેપમાં કહી છે.

# ૫. આત્માનો મોક્ષ છે.
## શંકા-શિષ્ય ઉવાચ (ગાથા ૮૭-૮૮)

### ગાથા ૮૭

કર્તા ભોક્તા જીવ હો, પણ તેનો નહિ મોક્ષ,
વીત્યો કાળ અનંત પણ, વર્ત્તમાન છે દોષ. ૮૭

**કર્તા ભોક્તા જીવ હો, પણ તેનો નહિં મોક્ષ,**
**વીત્યો કાળ અનંત પણ, વર્તમાન છે દોષ. ૮૭**

ભલે જીવ કર્મોનો કર્તા અને ભોક્તા હોય, પણ તેનો મોક્ષ થતો નથી. અનંત કાળ વીત્યો હોવા છતાં જીવમાં અશુદ્ધતા રહેલી છે.

### ગાથા ૮૮


શુભ કરે ફળ ભોગવે, દેવાદી ગતિમાંય,
અશુભ કરે નર્કાદિ ફળ, કર્મ રહિત ન ક્યાંય. ૮૮

**શુભ કરે ફળ ભોગવે, દેવાદી ગતિમાંય,**
**અશુભ કરે નર્કાદિ ફળ, કર્મ રહિત ન ક્યાંય. ૮૮**

જો આત્મા શુભ કર્મ કરે, તો તેનું ફળ દેવ વગેરે ગતિઓમાં ભોગવે છે. જો આત્મા અશુભ કર્મ કરે, તો તેનું ફળ નરક વગેરે ગતિઓમાં ભોગવે છે. આત્મા કર્મ રહિત ક્યાંય હોતો નથી.

# સમાધાન-સદ્ગુરુ ઉવાચ (ગાથા ૮૯-૯૧)


## ગાથા ૮૯



**જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ,**
**તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ. ૮૯**

જેમ તેં શુભ અને અશુભ કર્મોનું ભોક્તાપણું જાણ્યું, તેમ તું આ કર્મોના અભાવપૂર્વક પ્રગટ થતો મોક્ષ પણ સમ્યક્ પ્રકારે જાણ.

## ગાથા ૯૦



**વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ,**
**તેહ શુભાશુભ છેદતાં, ઉપજે મોક્ષ સ્વભાવ. ૯૦**

શુભ અને અશુભ કર્મોના બંધનમાં અનંત કાળ વીત્યો છે. જ્યારે શુભ અને અશુભ કર્મોનો નાશ થાય છે, ત્યારે આત્માનો શુદ્ધ મુક્ત સ્વભાવ પ્રગટ થાય છે.

### ગાથા ૯૧

દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ,
સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંત સુખ ભોગ. ૯૧

**દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ,**
**સિદ્ધ મોક્ષ શાશ્વતપદે, નિજ અનંત સુખ ભોગ. ૯૧**

શરીર વગેરે સંયોગોનો સદાકાળ માટે વિયોગ થતા આત્મા સિદ્ધ થાય છે. ત્યાં સદાય ટકીને રહેનાર મોક્ષમાં પોતાના અનંત સુખને ભોગવે છે.

# ૯. આત્માના મોક્ષનો ઉપાય છે.

## શંકા-શિષ્ય ઉવાચ (ગાથા ૯૨-૯૬)


### ગાથા ૯૨

હોય કદાપિ મોક્ષપદ, નહિ અવિરોધ ઉપાય;
કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય. ૯૨

**હોય કદાપી મોક્ષપદ, નહિ અવિરોધ ઉપાય,**
**કર્મો કાળ અનંતના, શાથી છેદ્યાં જાય? ૯૨**

મોક્ષપદ હોઈ શકે છે, પણ મોક્ષનો ઉપાય હોતો નથી. અનંતકાળથી બંધાયેલા કર્મોનો કેવી રીતે નાશ કરી શકાય?


## ગાથા ૯૩


અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક;
તેમાં મત સાચો કયો, બને ન એહ વિવેક. ૯૩

**અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક,**
**તેમાં મત સાચો કયો, બને ન એહ વિવેક. ૯૩**

અથવા અનેક મત અને દર્શન મોક્ષનો ઉપાય અનેક પ્રકારે વર્ણવે છે. તેમાં કયો ઉપાય સાચો છે? એ નિર્ણય લઈ શકાતો નથી.


## ગાથા ૯૪


કયી જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ,
એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ. ૯૪

**કયી જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ,**
**એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ. ૯૪**

કઈ જાતિમાં જન્મ લેનારનો મોક્ષ થાય? કયા વેષ પહેરવાથી મોક્ષ થાય? એનો નિર્ણય લઈ શકાતો નથી, કારણ કે તેના અનેક ભેદો હોવા એ દોષ છે.


## ગાથા ૯૫



**તેથી એમ જણાય છે, મળે ન મોક્ષ ઉપાય,**
**જીવાદી જાણ્યાતણો, શો ઉપકાર જ થાય? ૯૫**

તેથી એમ જણાય છે કે મોક્ષનો ઉપાય હોતો નથી. જો મોક્ષનો ઉપાય ન હોય તો આત્માના અસ્તિત્વ, વગેરેને જાણવાનો લાભ શું?

## ગાથા ૯૬



**પાંચે ઉતરથી થયું, સમાધાન સર્વાંગ,**
**સમજું મોક્ષઉપાય તો, ઉદય ઉદય સદ્‌ભાગ્ય. ૯૬**

મને પાંચે ઉત્તર વડે પૂરી રીતે સમાધાન થયું છે. જો હું મોક્ષના ઉપાયને સમજું, તો મારા સદ્‌ભાગ્યનો ઉદય થશે, ઉદય થશે.

# સમાધાન-સદ્‌ગુરૂ ઉવાચ (ગાથા ૯૭-૧૧૮)

## ગાથા ૯૭

પાંચે ઉત્તરની થઈ, આત્મા વિષે પ્રતીત,
થાશે મોક્ષોપાયની, સહજ પ્રતીત એ રીત ૯૭

**પાંચે ઉત્તરની થઈ, આત્મા વિષે પ્રતીત,**
**થાશે મોક્ષોપાયની, સહજ પ્રતિત એ રીત. ૯૭**

જેમ તને પાંચ ઉત્તર વડે આત્મા વિષે પ્રતીતિ થઈ, તેમ મોક્ષના ઉપાયની પણ સહજ પ્રતીતિ થશે.


## ગાથા ૯૮

કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ,
અંધકાર અજ્ઞાનસમ, નાશે જ્ઞાનપ્રકાશ. ૯૮

**કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ,**
**અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાન પ્રકાશ. ૯૮**

નિજાત્મા સંબંધી અજ્ઞાનતા આત્માનું બંધન છે. આત્મસ્વરૂપમાં સ્થિરતા મુક્તિ છે. પ્રકાશ સમાન જ્ઞાન, અંધકાર સમાન અજ્ઞાનનો નાશ કરે છે.


## ગાથા ૯૯



**જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ,**
**તે કારણ છેદક દશા, મોક્ષ-પંથ ભવઅંત. ૯૯**

જે બંધનના કારણો છે, તે બંધનનો માર્ગ છે. તેનો નાશ કરનારી આત્માની શુદ્ધ અવસ્થા મોક્ષમાર્ગ છે કે જેના વડે ભવભ્રમણનો અંત આવે છે.


## ગાથા ૧૦૦



**રાગ દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ,**
**થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ. ૧૦૦**

રાગ, દ્વેષ અને અજ્ઞાન એ કર્મબંધની મૂળ ગાંઠ છે. અહો! જેના વડે તેમનાથી છૂટકારો થાય, તે જ મોક્ષનો માર્ગ છે.


## ગાથા ૧૦૧


આત્મા સત ચૈતન્યમય, સર્વાભાસ રહીત,
જેથી કેવળ પામિયે, મોક્ષપંથ તે રીત ૧૦૧

**આત્મા સત ચૈતન્યમય, સર્વાભાસ રહીત,**
**જેથી કેવળ પામિયે, મોક્ષપંથ તે રીત. ૧૦૧**

આત્મા ત્રિકાળ સત્તાસ્વરૂપ, ચૈતન્યથી પરિપૂર્ણ તથા સર્વ મિથ્યાભાસ રહિત છે. જેના વડે આવા શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે, તે મોક્ષનો માર્ગ છે.


## ગાથા ૧૦૨


કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ,
તેમાં મુખ્યે મોહિનિય. હણાય તે કહું પાઠ. ૧૦૨

**કર્મ અનંત પ્રકારના, તેમાં મુખ્યે આઠ,**
**તેમાં મુખ્યે મોહિંનિય, હણાય તે કહું પાઠ. ૧૦૨**

કર્મના અનંત પ્રકાર છે. તેમાં મુખ્યત્વે આઠ પ્રકાર છે. તેમાં મોહનીય કર્મ મુખ્ય છે. અહીં તેને નાશ કરવાનો ઉપાય કહું છું.


## ગાથા ૧૦૩



**કર્મ મોહિનિય ભેદ બે, દર્શન ચારિત્ર નામ,**
**હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ. ૧૦૩**

મોહનીય કર્મના બે ભેદ છે. દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. આત્મજ્ઞાન અને વીતરાગતા વડે તે કર્મોનો નાશ થાય છે. ખરેખર એ જ એક ઉપાય છે.


## ગાથા ૧૦૪



**કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ,**
**પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ? ૧૦૪**

ક્રોધ વગેરે કષાયભાવોથી કર્મબંધ થાય છે અને ક્ષમા વગેરે ભાવો વડે તેનો નાશ થાય છે. સર્વ જીવોને પ્રત્યક્ષ આવો અનુભવ થાય છે, એમાં સંદેહ શું છે?


## ગાથા ૧૦૫



**છોડી મતદર્શનતણો, આગ્રહ તેમ વિકલ્પ,**
**કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ. ૧૦૫**

જે જીવ મત અને દર્શનનો આગ્રહ તેમજ તે સંબંધી વિકલ્પ છોડીને અહીં કહેલ મોક્ષમાર્ગની સાધના કરશે, તે જીવ થોડા જ ભવમાં મોક્ષ પામશે.

## ગાથા ૧૦૬



**ષટ્ પદનાં ષટ્ પ્રશ્ન તે, પૂછ્યા કરી વિચાર,**
**તે પદની સર્વાંગતા, મોક્ષમાર્ગ નિર્ધાર. ૧૦૬**

તે છ પદ સંબંધી છ પ્રશ્ન વિચાર કરીને પૂછ્યા છે. તે પદને સર્વાંગપણે જાણતા મોક્ષમાર્ગ છે, એમ નિર્ણય કર.

## ગાથા ૧૦૭

જાતિ, વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય,
સાધે તે મુક્તી લહે, એમાં ભેદ ન કોય. ૧૦૭

**જાતિ, વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય,**
**સાધે તે મુક્તી લહે, એમાં ભેદ ન કોય. ૧૦૭**

મોક્ષમાર્ગમાં જાતિ અને વેષનો ભેદ હોતો નથી. જે જીવ સાધના કરે છે, તે જીવ મોક્ષ પામે છે. તેમાં કોઈ ભેદભાવ હોતો નથી.

## ગાથા ૧૦૮

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,
ભવે ખેદ અંતર દયા, તે કહિયે જિજ્ઞાસ. ૧૦૮

**કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ-અભિલાષ,**
**ભવે ખેદ અંતર દયા, તે કહિયે જિજ્ઞાસ. ૧૦૮**

જે જીવને કષાયની ઉપશાંતતા હોય, એક માત્ર મોક્ષની અભિલાષા હોય, ભવભ્રમણનો ખેદ વર્તતો હોય તથા નિજાત્મા પ્રત્યે કરૂણા હોય, તેને જિજ્ઞાસુ કહે છે.

## ગાથા ૧૦૯

તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્ગુરુબોધ,
તો પામે સમકીતને, વર્ત્તે અંતરશોધ. ૧૦૯

**તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્ગુરુબોધ,**
**તો પામે સમકીતને, વર્ત્તે અંતરશોધ. ૧૦૯**

તે જિજ્ઞાસુ જીવ સદ્ગુરુનો બોધ પ્રાપ્ત થાય, તો સમકિત પામે અને તેની અંતરંગમાં શોધ ચાલતી જ રહે.

## ગાથા ૧૧૦

મતદર્શન આગ્રહ તજી, વર્ત્તે સદ્ગુરુલક્ષ,
લહે શુદ્ધ સમકીત તે, જેમાં ભેદ ન પક્ષ. ૧૧૦

**મતદર્શન આગ્રહ તજી, વર્તે સદ્ગુરુલક્ષ,**
**લહે શુદ્ધ સમકીત તે, જેમાં ભેદ ન પક્ષ. ૧૧૦**

જે જીવ મત તથા દર્શનનો આગ્રહ છોડીને સદ્ગુરુના લક્ષ્યે વર્તે, તે જીવ શુદ્ધ સમકિત પામે છે, જેમાં કોઈ ભેદ તથા નયપક્ષ નથી.

## ગાથા ૧૧૧

વર્તે નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત,
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકીત.૧૧૧

**વર્તે નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત,**
**વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકીત. ૧૧૧**

જ્યારે આત્મા નિજ સ્વભાવને જાણે, માને અને અનુભવે છે, ત્યારે આત્માની વર્તમાન પર્યાય આત્માના સ્વભાવ તરફ વહે છે, ત્યારે પરમાર્થે સમકિત પ્રગટે છે.


## ગાથા ૧૧૨

વર્ધમાન સમકીત થઈ, ટાળે મિથ્યાભાસ,
ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદવાસ. ૧૧૨

**વર્ધમાન સમકીત થઈ, ટાળે મિથ્યાભાસ,**
**ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદવાસ. ૧૧૨**

પરિણતિની શુદ્ધિની વૃદ્ધિથી મલિનતા નાશ પામે છે અને પૂર્ણ વીતરાગતા પ્રગટ થતા ચારિત્રની પૂર્ણ શુદ્ધતા પ્રગટે છે.


## ગાથા ૧૧૩



**કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્ત્તે જ્ઞાન,**
**કહિએ કેવળ જ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ. ૧૧૩**

આત્માનું પૂર્ણ નિર્વિકલ્પ અખંડ જ્ઞાન વર્તે છે, તેને કેવળજ્ઞાન કહે છે. દેહ હોવા છતાં અરિહંત ભગવાન જીવનમુક્ત છે.


## ગાથા ૧૧૪



**કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય,**
**તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દુર થાય. ૧૧૪**

જેમ ઊંઘમાંથી જાગતા કરોડો વર્ષોથી ચાલતું સ્વપ્ન પણ છૂટી જાય છે, તેમ આત્મજ્ઞાન પ્રગટ થતા અનાદિકાળથી રહેલો વિભાવ દૂર થાય છે.


## ગાથા ૧૧૫



**છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ,**
**નહિ ભોક્તા તું તેહનો, એજ ધર્મનો મર્મ. ૧૧૫**

જો દેહ પ્રત્યે રહેલી એકત્વબુદ્ધિ છૂટે, તો તું કર્મનો કર્તા કે ભોક્તા નથી. એ જ ધર્મનું રહસ્ય છે.


## ગાથા ૧૧૬



**એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષ સ્વરૂપ,**
**અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ. ૧૧૬**

એ જ ધર્મથી મોક્ષ પ્રાપ્તિ છે. ખરેખર તું સ્વયં મોક્ષ સ્વરૂપ છો. તું અનંતદર્શન અને અનંતજ્ઞાન સ્વરૂપ છો. તું સ્વયં અવ્યાબાધ સુખ સ્વરૂપ છો.


## ગાથા ૧૧૭



**શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ,**
**બીજું કહિએ કેટલું, કર વિચાર તો પામ. ૧૧૭**

ચૈતન્ય સ્વભાવી આત્મા શુદ્ધ અને જ્ઞાનનો ઘનપિંડ છે. આત્મા પોતે સ્વયં પ્રકાશિત છે, સુખનું ધામ છે, વધું કેટલું કહીએ? જો તું આત્માના ઉપરોક્ત સ્વરૂપનો વિચાર કરીશ, તો આત્માનુભૂતિ પામીશ.

## ગાથા ૧૧૮




**નિશ્ચય સર્વે જ્ઞાનિનો, આવી અત્ર શમાય,**
**ધરી મૌનતા એમ કહિ, સહજ સમાધીમાંય. ૧૧૮**

સમસ્ત જ્ઞાનીનો નિશ્ચય અહીં આવીને સમાય છે, એમ કહીને સદ્ગુરુએ મૌન ધર્યું અને સહજ સમાધિમાં સ્થિર થયા.

# શિષ્ય બોધબીજ પ્રાપ્તિ (ગાથા ૧૧૯-૧૨૭)


## ગાથા ૧૧૯



**સદ્‌ગુરૂના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન,**
**નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન. ૧૧૯**

શિષ્યને સદ્‌ગુરુના ઉપદેશથી પૂર્વે ક્યારેય નહીં પ્રગટેલું જ્ઞાન પ્રગટ થયું. પોતાનું સ્વરૂપ પોતાનામાં પ્રાપ્ત થયું અને અજ્ઞાન દૂર થયુ.


## ગાથા ૧૨૦



**ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ,**
**અજર અમર અવિનાશિ ને, દેહાતીતસ્વરૂપ. ૧૨૦**

શિષ્યને આત્માનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમય, અજર, અમર, અવિનાશી અને દેહાતીત અનુભવમાં આવ્યું.


## ગાથા ૧૨૧



**કર્ત્તા ભોક્તા કર્મનો, વિભાવ વર્ત્તે જયાંય,**
**વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્ત્તા ત્યાંય. ૧૨૧**

જ્યાં સુધી આત્મભ્રાંતિ છે, ત્યાં સુધી આત્મા કર્મનો કર્તા તથા ભોક્તા છે. પણ જ્યારે આત્માનો ઉપયોગ આત્મા તરફ વહે છે, ત્યારે આત્મા કર્મનો અકર્તા થાય છે.


## ગાથા ૧૨૨



**અથવા નિજ પરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ,**
**કર્ત્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ. ૧૨૨**

અથવા આત્મા પોતાના શુદ્ધ ચૈતન્યમય પરિણામ અને નિર્વિકલ્પ અનુભૂતિનો કર્તા અને ભોક્તા છે.


## ગાથા ૧૨૩



**મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ,**
**સમજાવ્યો સંક્ષેપમાં, સકલ માર્ગ નિર્ગ્રન્થ. ૧૨૩**

આત્માની પોતાની શુદ્ધતા મોક્ષ છે, જેના વડે તે પ્રાપ્ત થાય છે, તે મોક્ષમાર્ગ છે. સદ્‌ગુરુએ નિર્ગ્રંથ મોક્ષમાર્ગને ટુંકમાં સમજાવ્યો છે.


## ગાથા ૧૨૪



**અહો! અહો! શ્રી સદ્‌ગુરૂ, કરુણાસિંધુ અપાર,**
**આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર. ૧૨૪**

અહો! અહો! અપાર કરૂણાના સાગર! આપ પ્રભુએ આ પામર ઉપર અહો! અહો! ઉપકાર કર્યો છે.


## ગાથા ૧૨૫


શું પ્રભુ ચરણકને ધરૂં, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્ત્તું ચરણાધીન.

**શું પ્રભુ ચરણકને ધરૂં, આત્માથી સૌહીન,**
**તે તો પ્રભુએ આપિયો, વર્ત્તું ચરણાધીન. ૧૨૫**

હે પ્રભુ! હું આપના ચરણમાં શું અર્પણ કરું? જગતના સમસ્ત પદાર્થ આત્માથી તો હીન જ છે. તે આત્મા આપ પ્રભુએ મને આપ્યો, હવે હું આપને શું ધરૂં? બસ, એટલું કરીશ કે આપના ચરણોને આધીન વર્તીશ.


## ગાથા ૧૨૬


આ દેહાદી આજથી, વર્ત્તો પ્રભુ આધીન,
દાસ, દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન.

**આ દેહાદી આજથી, વર્ત્તો પ્રભુ આધીન,**
**દાસ, દાસ હું દાસ છું, તેહ પ્રભૂનો દીન. ૧૨૬**

હે પ્રભુ! આજથી આ શરીર વગેરે આપને સમર્પિત કરું છું. આપ પ્રભુનો હું દાસ છું, દાસ છું અને દાસ છું.

## ગાથા ૧૨૭




**ષટ્ સ્થાનક સમજાવિને, ભિન્ન બતાવ્યો આપ,**
**મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ. ૧૨૭**

છ પદ સમજાવીને આપે તલવાર અને મ્યાનની જેમ આત્માને શરીરથી ભિન્ન બતાવ્યો. આપનો મારા પર મપાઈ ન શકે એવો ઉપકાર છે.

# ઉપસંહાર (ગાથા ૧૨૮-૧૪૨)


## ગાથા ૧૨૮



**દર્શન ષટે શમાય છે, આ ષટ્ સ્થાનક માંહિ,**
**વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઈ. ૧૨૮**

છએય દર્શનો આ પદમાં સમાય છે. તેનો વિશાળબુદ્ધિ રાખીને વિચાર કરતા કોઈ પણ પ્રકારનો સંશય રહેતો નથી.


## ગાથા ૧૨૯



**આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરૂ વૈદ્ય સુજાણ,**
**ગુરૂ આજ્ઞાસમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન. ૧૨૯**

આત્મભ્રાંતિ સમાન કોઈ રોગ નથી, સદ્‌ગુરુ સમાન કોઈ વૈદ્ય નથી. સદ્‌ગુરુની આજ્ઞા સમાન કોઈ ઈલાજ નથી. વિચાર અને ધ્યાન ઔષધિ સમાન કોઈ ઔષધિ નથી.


## ગાથા ૧૩૦



**જો ઈચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરૂષાર્થ,**
**ભવસ્થિતિ આદી નામ લઈ, છેદો નહિ આત્માર્થ. ૧૩૦**

જો તમે પરમપદને પામવા ઈચ્છો છો તો સત્ય પુરુષાર્થ કરો. ભવસ્થિતિ વગેરે નામ લઈને આત્મતત્ત્વની શોધ બંધ ન કરો.


## ગાથા ૧૩૧



**નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવાં નોય,**
**નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય. ૧૩૧**

નિશ્ચયનયની મુખ્યતાથી કહેલી વાણી સાંભળીને અનુભૂતિના સાધનોને છોડવા નહીં. નિશ્ચયને લક્ષ્યમાં રાખીને વ્યવહાર સાધનનો આશ્રય લેવો જોઈએ.


## ગાથા ૧૩૨



**નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ,**
**એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથે રહેલ. ૧૩૨**

આ શાસ્ત્રમાં એકાંતે નિશ્ચયનયથી અથવા એકાંતે વ્યવહારનયથી કથન કર્યું નથી. બંને નયો સાથે રહેલા છે.


## ગાથા ૧૩૩



**ગછમતની જે કલ્પના, તે નહિ સદ્‌વ્યવહાર,**
**ભાન નહીં નિજરૂપનું, તે નિશ્ચય નહીં સાર. ૧૩૩**

ગચ્છ કે મતની જે કલ્પના છે, તે ખરો વ્યવહાર નથી. એ જ રીતે નિજ આત્માની ઓળખાણ ન હોય, ત્યાં નિશ્ચય હોતો નથી.


## ગાથા ૧૩૪



**આગળજ્ઞાની થઈ ગયા, વર્ત્તમાનમાં હોય,**
**થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહિં કોય. ૧૩૪**

ભૂતકાળમાં જે જ્ઞાની થયા, વર્તમાનમાં જે જ્ઞાની છે તથા ભવિષ્યમાં જે જ્ઞાની થશે, તેમના જ્ઞાની થવામાં કોઈ માર્ગભેદ નથી.


## ગાથા ૧૩૫



**સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય,**
**સદ્‌ગુરૂ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય. ૧૩૫**

દ્રવ્ય સ્વભાવથી સર્વ જીવ સિદ્ધ છે. જે જીવ આ રીતે સમજે છે, તે પર્યાયમાં પણ સિદ્ધ થાય છે. સદ્‌ગુરુની આજ્ઞા અને જિનેન્દ્ર ભગવાનનું સ્વરૂપ તેમાં નિમિત્ત કારણ બને છે.

## ગાથા ૧૩૬



**ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત,**
**પામે નહિં સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત. ૧૩૬**

જે જીવ ઉપાદાનનું નામ લઈને, નિમિત્તને છોડી દે છે, તે જીવ મોક્ષ પામતા નથી અને આત્મભ્રાંતિમાં અટકી રહે છે.

## ગાથા ૧૩૭

મુખથી જ્ઞાન કથે અને, અંતર છૂટ્યો ન મોહ,
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનિનો દ્રોહ.૧૩૭

**મુખથી જ્ઞાન કથે અને, અંતર છુટ્યો ન મોહ,**
**તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનિનો દ્રોહ. ૧૩૭**

જે લોકો માત્ર શાસ્ત્રની વાતો કરે છે અને આત્મામાંથી મોહ છૂટ્યો નથી, તે પામર જીવ જ્ઞાનીનો માત્ર અનાદર કરે છે.


## ગાથા ૧૩૮

દયા,શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય,
હોય મુમુક્ષુ ઘટવિષે, એહ સદાય સુજાગ્ય.૧૩૮

**દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય,**
**હોય મુમુક્ષુ ઘટવિષે, એહ સદાય સુજાગ્ય. ૧૩૮**

દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય – આ ગુણો મોક્ષની ઈચ્છાવાળા મુમુક્ષુમાં સદાય જાગ્રત હોય છે.


## ગાથા ૧૩૯



**મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત,**
**તે કહિયે જ્ઞાનીદશા, બાકી કહીએ ભ્રાંત. ૧૩૯**

જેને મોહભાવનો ક્ષય અથવા ઉપશમ થયો હોય, તેને જ્ઞાની કહે છે. તે સિવાય સર્વને આત્મભ્રાંતિ છે.


## ગાથા ૧૪૦



**સકળ જગત તે એઠવત, અથવા સ્વપ્નસમાન,**
**તે કહિયે જ્ઞાનીદશા, બાકી વાચાજ્ઞાન. ૧૪૦**

જ્યારે આખું જગત એંઠવાડ સમાન અથવા સ્વપ્ન સમાન જણાય, ત્યારે જ્ઞાનીપણું પ્રગટ થયું કહેવાય. તે સિવાય સર્વને કહેવા માત્રનું જ્ઞાન છે.


## ગાથા ૧૪૧



**સ્થાનક પાંચ વિચારિને, છઠ્ઠે વર્ત્તે જેહ,**
**પામે સ્થાનક પાંચમું, એમાં નહિં સંદેહ. ૧૪૧**

જે જીવ પાંચ પદનો વિચાર કરીને છઠ્ઠા પદ પર ચાલે છે, તે જીવ પાંચમાં મોક્ષપદને પામે છે, એમાં કોઈ સંદેહ નથી.

## ગાથા ૧૪૨



**દેહ છતાં જેની દશા, વર્ત્તે દેહાતીત,**
**તે જ્ઞાનીનાં ચરણમાં, હો! વંદન અગણીત. ૧૪૨**

જેને શરીર હોવા છતાંય, શરીર રહિત દશા વર્તે છે, તે જ્ઞાનીના ચરણોમાં અગણિત વંદન હો.

# Centers in Asia

| NO. | COUNTRY | CENTER OF THE MISSION | LANGUAGES |
|---|---|---|---|
| 1 | India | Umarala (Prime Center), Ahmedabad, Nadiad, Vavania, Dharampur, Koba, Rajkot, Bharuch, Mumbai, Nashik, Pune, Deolali, Gajpantha, Nagpur, Jaipur, Udaipur, Jodhpur, Chittorgarh, Kota, Ramganjmandi, Bhinmal, New Delhi, Bhatinda, Chandigarh, Srinagar, Bhopal, Indore, Neemach, Lucknow, Banaras, Patna, Ranchi, Sammetsikhar, Kochi, Chennai, Pondicherry, Hyderabad, Vijayvada, Bengluru, Mysore, Kolkata, Trivendrum, Kanyakumari | Gujarati, Hindi, English, Sanskrit, Prakrit, Marathi, Tamil, Kannada, Malayalam, Telugu, Bengali, Bhojpuri, Marwadi, Katchi, Konkni, Kashmiri, Panjabi, Chhatisgarhi & 18 more. |
| 2 | Bahrain | Manama, Riffa, Muharraq | Arabic, English |
| 3 | Bangladesh | Dhaka, Chittagong, Khulna | Bengali |
| 4 | Bhutan | Thimphu, Phuntsholing, Punaka, Samdrup Jonghkhar | Dzongkha |
| 5 | Brunei | Bandar Seri Begawan, Kuala Belait, Seria, Tutong | Malay |
| 6 | Burma | Yangon (Rangoon), Mandalay, Mawalamyaing | Burmese |
| 7 | Cambodia | Phnom Penh, Battambang, Siem Reap | Khmer |
| 8 | China | Beijing, Shanghai, Shenzhen, Dongguan City | Mandarin |
| 9 | East Timor | Dili | Portuguese, Tetun |
| 10 | Afghanistan | Kabul, Kandahar, Herat, Mazar-i-Sharif | Pashto, Dari |

| NO. | COUNTRY | CENTER OF THE MISSION | LANGUAGES |
|---|---|---|---|
| 11 | Indonesia | Jakarta, Medan, Pematang Siantar, Banda Aceh, Sabang, Padang, Pontianak, Denpasar, Bali, Dumai, Yogyakarta, Bandung, Pekanbaru | Indonesian, Batak, Aceh, Padang, Javanese, Chinese, English |
| 12 | Iran | Tehran, Bojnourd | Persian, English |
| 13 | Iraq | Bagdhad | Arabic, Kurdish |
| 14 | Israel | Jerusalem | Hebrew, Arabic |
| 15 | Japan | Tokyo, Kobe, Osaka | Japanese, Engish |
| 16 | Jordan | Amman | Arabic |
| 17 | Kazakhstan | Astana | Russian, Kazakh |
| 18 | Korea-N | Pyongyang, Rason, Nampo, Daesong | Korean |
| 19 | Korea-S | Seoul, Busan, Incheon, Daegu | Korean |
| 20 | Kuwait | Kuwait city, Doha | Arabic |
| 21 | Laos | Vientiane, Pakse | Lao |
| 22 | Lebanon | Beirut, Tripoli, Sidon | Arabic |
| 23 | Malaysia | Kuala Lumpur, Johor Bahur, Georgetown, Ipoh | Malay |
| 24 | Maldives | Farukolhufunadhoo, Veymandhoo, Villgili | Dhivehi |
| 25 | Mongolia | Ulaanbaatar, Erdenet, Darkhan | Mongolian |
| 26 | Nepal | Kathmandu, Pokhara, Lalitpur, Biratnagar | Nepalese, English |
| 27 | Oman | Al Jazer, Al Suwaiq, Mahooth, Mudhaybi, Mudhaiireb | Arabic |
| 28 | Pakistan | Karachi, Lahore, Bahawalpur, Peshawar | Urdu, English |

| NO. | COUNTRY | CENTER OF THE MISSION | LANGUAGES |
|---|---|---|---|
| 29 | Philippines | Manila, Pasig, Cebu City, Makati, Bonifacio, Naga City, Davao City | English, Filipino, Tagalog |
| 30 | Qatar | Doha | Arabic |
| 31 | Russia | Moscow, Saint Petersburg | Russian |
| 32 | Saudi Arabia | Riyadh, Jeddah, Mecca, Medina | Arabic |
| 33 | Singapore | Singapore | English, Malay |
| 34 | Sri Lanka | Colombo | Sinhala, Tamil |
| 35 | Syria | Damascus, Aleppo, Homs, Latakia | Arabic |
| 36 | Tajikistan | Dushanbe,Khujand | Tajik |
| 37 | Thailand | Bangkok | Thai |
| 38 | Turkey | Istanbul, Ankara, Izmir, Bursa | Turkish |
| 39 | UAE | Dubai, Abu Dhabi, Sharjah | Arabic |
| 40 | Uzbekistan | Tashkent, Samarqand, Bukhara | Uzbek |
| 41 | Vietnam | Hanoi, Ho Chi Minh City | Vietnamese |
| 42 | Yemen | Sana'a, Ta'izz, Aden, Al Hudaydah | Arabic |

## Centers in Africa

| | | | |
|---|---|---|---|
| 43 | Algeria | Alger, Oran | Arabic |
| 44 | Angola | Luanda | Portuguese |
| 45 | Botswana | Gaborone | Tswana, English |
| 46 | Burundi | Bujumbura | French, Kurundi |
| 47 | C. African Republic | Bangui, Bimbo | French, Sango |

| NO. | COUNTRY | CENTER OF THE MISSION | LANGUAGES |
|---|---|---|---|
| 48 | Comoros | Moroni | French, Arabic, Comorian |
| 49 | Congo | Bukavu, Kinhasa | French |
| 50 | Egypt | Cairo, Alexandria, Giza | Arabic |
| 51 | Eritrea | Asmara, Keren | Tigrigna, Arabic, English |
| 52 | Ethiopia | Addis Ababa | Amharic |
| 53 | Gabon | Libreville | French |
| 54 | Gambia | Banjul | English |
| 55 | Ghana | Accra, Kumasi | English |
| 56 | Guinea | Conakry | French |
| 57 | Kenya | Nairobi, Mombasa, Nandi Hill | Swahili, English |
| 58 | Liberia | Monrovia | English |
| 59 | Libya | Tripoli, Benghazi | Arabic |
| 60 | Madagascar | Antananarivo | Malagasy, French |
| 61 | Malawi | Lilongwe | English |
| 62 | Mali | Bamako | French |
| 63 | Mauritania | Nouakchott | Arabic |
| 64 | Mauritius | Port Louis, Ebene | English |
| 65 | Morocco | Casablanca, Fes, Tangier, Marrakech | Arabic |
| 66 | Mozambique | Maputo | Portuguese |
| 67 | Namibia | Windhoek | English |
| 68 | Nigeria | Lagos, Kano, Abuja, Ibadan | English |

| NO. | COUNTRY | CENTER OF THE MISSION | LANGUAGES |
|---|---|---|---|
| 69 | Rwanda | Kigali | Kinyarwanda, French, English |
| 70 | S. Africa | Johannesburg, Cape Town, Durban | English, Afrikaans, Ndebele, Northern Sotho, Sotho, Swazi, Tsonga, Tswana, Venda, Xhosa, Zulu |
| 71 | Sudan | Khartoum, Omdurman, Khartoum Bahri | Arabic, English |
| 72 | Swaziland | Mbabane, Manzini | English, Swati |
| 73 | Tanzania | Dar-es-Salaam, Arusha, Kaohsiuing, New Taipei, Taichung, Taoyuan, | Swahili, English |
| 74 | Togo | Lome, Sokode, Kara | French |
| 75 | Tunisia | Tunis, Stax, Sousse | Arabic |
| 76 | Uganda | Kampala, Kira | English, Swahili |
| 77 | Zambia | Lusaka, Ndola, Kitwe | English |
| 78 | Zimbabwe | Harare, Bulawayo, Chitungwiza | Shona, Ndebele, English |

## Centers in Europe

| | | | |
|---|---|---|---|
| 79 | Austria | Vienna, Graz, Linz, Salzburg, Innsbruck | German |
| 80 | Belgium | Brussels, Antwerp, Ghent, Charleroi | Dutch, German, French |
| 81 | Cyprus | Nicosia, Famagusta, Kyrenia, Limassol | Greek, Turkish |
| 82 | Denmark | Copenhagen, Aarhus, Odense, Aalborg | Danish |

| NO. | COUNTRY | CENTER OF THE MISSION | LANGUAGES |
|---|---|---|---|
| 83 | England | London, Edinburgh, Cardiff, Belfast, Oxford, Cambridge | English |
| 84 | Estonia | Tallinn, Tartu, Narva | Estonian |
| 85 | Finland | Helsinki, Espoo, Oulu, Turku, Vantaa | Swedish, Finnish |
| 86 | France | Paris, Marseille, Lyon, Toulouse | French |
| 87 | Georgia | Tbilisi, Kutaisi, Batumi | Georgian |
| 88 | Germany | Berlin, Hannover, Dresden, Leipzig, Thüringen, Stuttgart, | German |
| 89 | Greece | Athens, Thessaloniki, Patras, Heraklion | Greek |
| 90 | Hungary | Budapest, Debrecen, Miskolc, Szeged | Hungarian |
| 91 | Iceland | Reykjavik, Kopavogur | Icelandic |
| 92 | Ireland | Dublin, Cork, Limerick, Waterford | Irish, English |
| 93 | Italy | Milan, Naples, Rome, Turin, Venice-Padua | Italian |
| 94 | Lithuania | Vilnius, Kaunas | Lithuanian |
| 95 | Luxembourg | Luxembourg city | German, Luxembourgish, English |
| 97 | Monaco | Monaco | French |
| 98 | Netherlands | Amsterdam, Rotterdam | Dutch |
| 99 | Norway | Oslo, Bergen, Stavanger, Trondheim | Norwegian, Bokmal, Nyorsk |
| 100 | Poland | Warszawa, Krakow, Lodz, Wroclaw | Polish |
| 101 | Portugal | Lisbon, Porto, Fun chai, Amadora | Portuguese |

| NO. | COUNTRY | CENTER OF THE MISSION | LANGUAGES |
|---|---|---|---|
| 102 | Romania | Bucharest, Cluj-Napoca, Timisoara | Romanian |
| 103 | San Marino | Serravalle | Italian |
| 104 | Scotland | Glasgow, Edinburgh, Aberdeen, Dundee | English |
| 105 | Slovenia | Ljubljana, Maribor | Slovenian |
| 106 | Spain | Madrid, Barcelona, Valencia, Zaragoza, Malaga | Spanish |
| 107 | Sweden | Stockholm, Malmo, Gothenburg | Swedish |
| 108 | Ukraine | Kiev. Kharkiv, Dnipropetrovsk | Ukrainian |

# Centers in North America

| | | | |
|---|---|---|---|
| 109 | Antigua & Barbuda | St. John's, English Harbour | English |
| 110 | Bahamas | Nassau, Freeport | English |
| 111 | Barbados | Bridgetown | English |
| 112 | Canada | Ottawa, Edmonton, Victoria, Winnipeg, Fredericton, St. John's, Halifax, Toronto, Charlottetown, Quebec city, Regina, Yellowknife, Iqaluit, Whitehorse | English, French |
| 113 | Costa Rica | San Jose, Limon | Spanish |
| 114 | Haiti | Port-Au-Prince | Haiti Creole French, French |
| 115 | Jamaica | Kingston, Montego Bay | English |
| 116 | Cuba | Havana, Santiago de Cuba, Camaguey, Holguin | Spanish |

| NO. | COUNTRY | CENTER OF THE MISSION | LANGUAGES |
|---|---|---|---|
| 117 | Dominica | Roseau, Portsmouth, Marigot, Rosalie | English |
| 118 | Panama | Panama City, San Miguelito | Spanish |
| 119 | Mexico | Mexico City, Ecatapec, Guadalajara | Spanish |
| 120 | United States | Washington DC, New York, San Francisco, Boston, Chicago, Philadelphia, Miami | English |
| 121 | Saint Lucia | Desruisseaux | English |
| 122 | Trinidad & Tobago | Laventille, Chaguanas, Mon Repos, San Fernando | English |

# Centers in South America


| | | | |
|---|---|---|---|
| 123 | Argentina | Buenos Aires, Cordoba, Rosario, Mendoza | Spanish |
| 124 | Bolivia | Santa Cruz do la Sierra, El Alto, Le Paz, Oruro | Spanish, Aymara, Quechua |
| 125 | Brazil | Sao Paulo, Rio de Janeiro, Salvador, Brasilia, Fortaleza | Portuguese |
| 125 | Chile | Santiago, Valparaiso, La Serena | Spanish |
| 127 | Colombo | Bogota, Medellin, Cali, Barranquilla | Spanish |
| 128 | Guyana | Georgetown | English |
| 129 | Paraguay | Asuncion, Ciudad del Este, San Lorenzo, Luque | Spanish, Paraguayan, Guarani |
| 130 | Peru | Lima, Arequipa, Trujillo, Chiclayo | Spanish, Aymara, Quechua |
| 131 | Uruguay | Montevideo, Salto | Spanish |

| NO. | COUNTRY | CENTER OF THE MISSION | LANGUAGES |
|---|---|---|---|
| 132 | Venezuela | Caracas, Maracabom Maracay, Valencia, Barcelona | Spanish |

## Centers in Oceania

| | | | |
|---|---|---|---|
| 133 | Australia | Canberra, Sydney, Melbourne, Brisbane | English |
| 134 | Fiji | Suva, Lautoka, Flagstaff | English, Fijian, Fiji Hindi |
| 135 | Marshall Islands | Majuro, Ebaye, Arno, Jabor | Marshallese, English |
| 136 | Micronesia | Weno Town, Tofol, Colonia, Kolonia | English |
| 137 | Nauru | Yaren | English, Nauruan |
| 138 | New Zealand | Auckland, Wellington, Christchurch | English, Maori |
| 139 | Papua New Guinea | Port Moresby | Tok Pisin, English, Hiri Motu |
| 140 | Samoa | Apia | Samoan, English |
| 141 | Solomon Islands | Honiara | English |
| 142 | Tonga | Nuku'alofa, Tongatapu | Tongan, English |

## NOTES




જે જીવ ચૈતન્ય સ્વરૂપી નિજ આત્માને નિત્ય શુદ્ધ, કર્મના કર્તૃત્વ અને ભોક્તૃત્વથી ભિન્ન, મોક્ષ સ્વરૂપ માને છે, તે મોક્ષમાર્ગી છે.



# શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર મિશન

**શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર પરમાગમને પંચમકાળના અંત સુધી**
**૧૮૫૦૦ વર્ષો સુધી સુરક્ષિત રાખવા માટે**
**દુનિયાના ૧૪૨ દેશોની ૪૧૫ ભાષાઓમાં અનુવાદ**

''હું કેવળ હૃદયત્યાગી છું. થોડી મુદતમાં કંઈક અદ્‌ભૂત કરવાને તત્પર છું. સંસારથી કંટાળ્યો છું. હું બીજો મહાવીર છું, એમ મને આત્મિક શક્તિ વડે જણાયું છે.

દુનિયા મતભેદના બંધનથી તત્ત્વ પામી શકી નથી. મહાવીરે તેના સમયમાં મારો ધર્મ કેટલાક અંશે ચાલતો કર્યો હતો. હવે તેવા પુરુષોના માર્ગને ગ્રહણ કરી શ્રેષ્ઠ ધર્મ સ્થાપન કરીશ. આખી સૃષ્ટિમાં પર્યટન કરીને પણ એ ધર્મ પ્રવર્તાવીશું.''

**પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીની મંગળ ભાવના**
**શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક ૨૭ થી ઉદ્ધરિત**


હું કોણ છું?
ક્યાંથી થયો?
શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે?
રાખુ કે એ પરિહરું?
MULTY GRAPHICS
(022) 23873222 23884222